# બીજા માટે કરેલાં કામોથી જ થતું ખુદનું શ્રેય

- - - - - -- - - - - - - - -

કર્ણાટકના એક જમીનદાર પરિવારમાં જન્મેલા શ્રીધર રાવ બાળપણથી જ અત્યંત લાગણીશીલ વ્યક્તિ હતા. કુષ્ઠ રોગીઓને જોઈને તેમને ઘણું દુ:ખ થતું હતું. કુષ્ઠ રોગીઓ માટે તેમણે પોતાના ઘરની પાસે જ કેટલાંક ઝૂંપડાં બનાવ્યા અને જે અસહાય કુષ્ઠ રોગી દેખાતો તેને પોતાને ત્યાં લાવીને સેવા કરવા લાગ્યા, પરંતુ તેનાથી સંતોષ ના મળતાં તો તેઓ ૨૬ વર્ષની ઉમરમાં જ ઋષિકેશ આવી ગયા અને સ્વામી શિવાનંદની સાથે રહીને કુષ્ઠ રોગીઓની સેવા કરવા લાગ્યા.

એક દિવસ ગંગાકિનારે તેમણે એવા કુષ્ઠ રોગીને જોયો જેનું આખું શરીર ઓગળી ગયું હતું.તેને આશ્રમમાં લઈ આવ્યા અને તેની સેવા કરવા લાગ્યા. તે રોગી થોડા દિવસમાં જ સાજો થઈ ગયો અને પછી શ્રીધરનો નિયમ બની ગયો કે સડક પર રખડતા કુષ્ઠ રોગીઓને આશ્રમમાં લાવવા અને તેમની સેવા કરવી. શ્રીધર રાવ સ્વામી ચિદાનંદના નામથી ઓળખાવા લાગ્યા.

ધીમે ધીમે તેઓ હરિજન અને અસ્પૃશ્યતા નિવારણમાં લાગી ગયા. એક વખત એક મોચી જેનો ધંધો પ્લાસ્ટિકનાં ચપ્પલોના કારણે બંધ જેવો થઈ ગયો હતો, દુ:ખી થઈને એક અરજી સાથે આશ્રમમાં આવ્યો. તેની અરજી વાંચીને તેઓ જાતે જ તેની ઝૂંપડીમાં પહોંચ્યા અને તેને મીઠાઈ તથા પૈસાનું એક કવર આપીને જણાવ્યું કે પ્લાસ્ટિકના ચલણના કારણે તમારો ધંધો મંદ થવાની વાત જાણી. ચિંતા જેવી કોઈ વાત નથી. આજ પછી હું ફકત તમારી બનાવેલી ચપ્પલ જ પહેરીશ. સ્વામીજીની મદદથી તે મોચીનો ધંધો ચાલી નીકળ્યો. વાત એ છે કે સંસારમાં મુકિત નામની કોઈ ચીજ હોતી નથી. તે તો બીજાની મુકિત માટે કરેલાં કામોમાંથી જ પ્રાપ્ત થાય છે.

Dinesh-Vadasan
9377209292

BACK to

www.vadwala.com